# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-12-2024 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહીચ્છા** વાંચે છે.

---

## સંસદના બંન્ને ગૃહોની કાર્યવાહી સ્થગિત:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનું અપમાન કર્યું હોવાના વિપક્ષના આક્ષેપો પર થયેલા હોબાળા બાદ સંસદના બંને ગૃહોની કાર્યવાહી ગઈકાલે દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી.

સ્થગિત કર્યા બાદ બપોરે 2 વાગ્યે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થઈ ત્યારે સભાપતિએ વિપક્ષી સભ્યો દ્વારા વિવિધ મુદ્દે આપવામાં આવેલી સ્થગિત નોટિસને મંજૂરી આપી ન હતી. વિપક્ષી દળોના સાંસદો શ્રી શાહે તેમની ટિપ્પણી માટે માફી માંગવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. આ મુદ્દે શાસક પક્ષ અને વિપક્ષના સાંસદો વચ્ચે ઘણી દલીલો થઈ હતી. દરમિયાન સભાપતિએ ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દીધી હતી.

રાજ્યસભાની કાર્યવાહીમાં પણ સમાન મુદ્દાઓનું વર્ચસ્વ રહ્યું હતું. બપોરે 2 વાગ્યે ગૃહની કાર્યવાહી સ્થગિત કર્યા બાદ જ્યારે ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે વિપક્ષી સાંસદોએ ગૃહમંત્રી દ્વારા બાબાસાહેબ પર કરેલી ટિપ્પણીના વિરોધમાં સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા.

-----------------------------------------------------------------------------------------

## P.M-કોંગ્રેસ પર પ્રહાર:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડૉ. ભીમરાવ આંબેડકર પર કેન્દ્રીય ગૃહમંત્રીની ટિપ્પણી અંગેના કોંગ્રેસના આક્ષેપો પર વળતો પ્રહાર કરતા કહ્યું કે શ્રી અમિત શાહે ભારતીય બંધારણના નિર્માતાનું અપમાન કરવાના કોંગ્રેસના કાળા ઇતિહાસને ઉજાગર કર્યો છે.

તેમણે કહ્યું કે, શ્રી શાહ દ્વારા રજૂ કરાયેલા તથ્યોથી કોંગ્રેસ સ્પષ્ટપણે ચોંકી ગઈ છે. રાજ્યસભામાં ડૉ. આંબેડકર પર શ્રી શાહની ટિપ્પણી પર વિપક્ષના આક્ષેપોનો ઉલ્લેખ કરતાં, શ્રી મોદીએ કહ્યું કે જો કોંગ્રેસ અને તેની નબળી મશીનરીને લાગે છે કે તેમના દૂષિત જૂઠાણા વર્ષોથી તેમના ખોટા કાર્યોનું પ્રતિબિંબ છે.

---

## અમિત શાહ-કોંગ્રેસ પર આરોપ:

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ પાર્ટીએ રાજ્યસભામાં તેમના ભાષણ અંગેના તથ્યોને વિકૃત રીતે રજૂ કર્યા હતા.

ગઈ સાંજે નવી દિલ્હીમાં પક્ષના મુખ્યાલય ખાતે પત્રકારો સાથે વાત કરતાં શ્રી શાહે કોંગ્રેસ પર બી.આર. આંબેડકર વિરોધી અને અનામત અને બંધારણની વિરુદ્ધ હોવાનો આક્ષેપ કર્યો. તેમણે કહ્યું કે, કટોકટી લાદીને તમામ બંધારણીય મૂલ્યોનું ઉલ્લંઘન કર્યું છે.

---

## હૉસ્પિટલો માટે નવી S.O.P:

રાજ્ય સરકાર આગામી સમયમાં PM-JAY યોજના અંતર્ગત હૉસ્પિટલો માટે નવી S.O.P એટલે કે, માનક સંચાલન પ્રક્રિયા જાહેર કરશે. આ અંગે ગાંધીનગરમાં મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

---

## ઔદ્યોગિક વસાહત જમીન- નીતિમાં સુધારો

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણી કરવાની નીતિમાં સુધારો કરાયો છે. ગુજરાત ઔદ્યોગિક નીતિ 2020 અંતર્ગત હવે ઉદ્યોગ અને ખાણ વિભાગે કરેલા વર્ગીકરણ પ્રમાણે કુલ ત્રણ શ્રેણીમાં GIDCને સરકારી પડતર જમીન ફાળવવામાં આવશે.

આ નિર્ણયથી સરકારી પડતર જમીન ફાળવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે, સમયનો વ્યય અટકશે અને તમામ GIDC વચ્ચે જમીન ફાળવણી અને તેના વિકાસની સમાનતામાં પણ વધારો થશે તેમ શ્રી પટેલે ઉમેર્યું હતું.

---

## શિયાળુ પાક માટે પાણી:

રાજ્યના ખેડૂતો નિશ્ચિંત થઈને શિયાળુ પાકનું વાવેતર કરી શકે તે માટે રાજ્ય સરકાર પૂરતા પ્રમાણમાં સિંચાઈ માટેનું પાણી પૂરું પાડશે. ગાંધીનગરમાં યોજાયેલા મંત્રીમંડળની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે માધ્યમોને માહિતી આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પટેલે જણાવ્યું કે, આ વર્ષ દરમિયાન થયેલા વરસાદના પરિણામે સરદાર સરોવર સહિત રાજ્યના 207 જળાશયોમાં 88 ટકા એટલે કે, સાત લાખ 85 હજાર MCFTથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે ગત વર્ષની સરખામણીએ ચાર ટકા વધુ છે.

---

## પ્રથમ સરહદી સોલાર ગામ:

બનાસકાંઠા જિલ્લાનું મસાલી ગામ દેશનું પ્રથમ સરહદી સૉલાર ગામ બન્યું છે. 800 લોકોની વસતિ ધરાવતું અને પાકિસ્તાન સરહદથી 40 કિલોમીટરના અંતરે આવેલા આ ગામના કુલ 119 ઘર પર સૉલાર રૂફટૉપ લગાવવામાં આવ્યા છે. આ તમામ ઘરોમાં 225 કિલોવૉટથી વધુની વીજળી મળી રહી છે.

બૉર્ડર ડેવલપમેન્ટ પ્રૉજેક્ટ અંતર્ગત સરહદી વાવ તાલુકાના 11 અને સુઈગામ તાલુકાના છ મળી કુલ 17 ગામને સંપૂર્ણ સૉલાર ગામ બનાવવા પણ તંત્ર દ્વારા પહેલ કરવામાં આવી છે.

---

## ચેસ-પ્રણવ વેંકટેશ:

**ભારતના ચેસ ખેલાડી પ્રણવ વેંકટેશે ગઈકાલે સ્લોવેનિયામાં FIDE વર્લ્ડ અંડર-18 યુથ રેપિડ અને બ્લિટ્ઝ ટાઈટલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. ચેન્નાઈના ટોચના ક્રમાંકિત ભારતીય**

ગ્રાન્ડમાસ્ટરે રેપિડ શ્રેણીમાં 9.5 પોઈન્ટ મેળવીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. પ્રણવે એક રાઉન્ડ બાકી રહેતા બ્લિટ્ઝ શ્રેણીમાં 19.5 પોઈન્ટ મેળવ્યા હતા.

---

ઠંડી:

જિલ્લામાં ઠારની તીવ્રતામાં પ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે. શીત મથક નલિયામાં લઘુત્તમ ઉષ્ણતામાનનો પારો થોડો ઉંચકાઈને 7.5 ડિગ્રીએ પહોંચ્યો હતો. પરંતુ જિલ્લા મથક ભુજમાં લઘુત્તમ ઉષ્ણમાન મોસમના સૌથી નીચા 10.6 ડીગ્રીએ પહોંચતા ઠારમાં વધારો અનુભવાયો હતો. કંડલા હવાઈ મથકે 10.5 ડીગ્રી સેલ્શિયસ લઘુત્તમ ઉષ્ણતામાન નોંધાયુ હતં.

---